ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

કથાકારો મહાન યજમાનની માળા જપે છે,
સાધુઓનાં તપ શ્રદ્ધાળુ સેવકો પર તપે છે
ગમે છે વકીલ - ડોક્ટરોને ગર્ભશ્રીમંત ગ્રાહક -
હવે પ્રધાનશ્રીઓને માલદાર ખાતાં ખપે છે...
(સેવાભવી સેવકો)

હાઈકુ

જજો માગે છે
પ્રભાવશાળી 'કેસ'
નામના માટે...

માગે 'વિભાગો'
અધિકારીઓ પણ -
મલાઈ માટે...

(રાષ્ટ્રીય દ્રૌપદીનું વસ્ત્રાહરણ)

### ચિંતન

*સંતાપમોહકમ્પાન્સંપાદયિંતુ નિહન્તુમપિ જન્તૂન ।*
*સખિ દુર્જનસ્ય ભૂતિઃ પ્રસરતિ દૂર જવરસ્યેવ ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

હે મિત્ર ! જેમ વિષમ જવર સંતા, મોહ અને કંપારી લાવી પ્રાણીને મારી નાખે છે તેમ દુર્જનની સંપત્તિ બીજાને સંતાપ, મોહ અને કંપારી પેદા કરાવી મારી નાખે છે.

વિષય-વાસના અને દુર્જનનો સંગ માણસને સંતાપ - દુઃખ અને ચિંતા કરાવનાર છે.

ચિંતા - ઉપાધિ માણસના આત્માને અંદરથી કોરી જીર્ણ બનાવી નાખે છે અને અંતે મૃત્યુ આવે છે.

માટે 'સત્સંગ' માં રહેવું, એનાથી વ્યસન-વાસનાથી દૂર રહેવામાં મદદ મળે છે.

### સુવિચાર

- કુદરત પરીક્ષા લે છે, એમાં વાંધા વચકે ના કરે તો 'પાસ' થઈ જવાય - **દાદા ભગવાન**
- જો તમે ઈશ્વરને કર્તા માનો છો તો પછી તમારી જાતને કર્તા શું કામ માનો છો? - **એસ. ભટ્ટાચાર્ય**
- જગત એના સ્વભાવમાં છે, સતયુગ, કળિયુગ લોકોના ભાવથી છે - **આપ્તસૂત્ર**
- અતિ સુખ બિહામણું હોય છે - **ક્રાંતિ ભટ્ટ**
- સંસ્કૃતિ માત્ર ચામડીના પડ જેટલી ઊંડી છે - **માનસ શાસ્ત્ર**
- હું અઢળક પૈસાવાળા ગરીબ માણસની જેમ જીવવાનું પસંદ કરીશ - **પાબ્લો પિકાસો**
- આજનું ઔષધ : મીઠી ગુંદીની ડાળનું દાતણ કરવાથી દાંત મજબૂત થાય છે તથા દુર્ગંધ દૂર થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

### બોધકથા

ચંદ્રશેખર આઝાદ આઝાદીની લડતમાં જોડાયા તે પહેલાં ઝાંસીની એક ખાનગી કંપનીમાં ડ્રાઈવર હતા. અત્યંત ગરીબીમાં આઝાદનું ગુજરાન માંડ માંડ ચાલતું હતું. એકવાર એવું થયું કે આખો દિવસ ગાડી ચલાવી, સાંજે ભૂખ લાગી અને ખિસ્સામાં ફક્ત એક આનો જ બચ્યો હતો.

આઝાદે સાંજે ચણાવાળા પાસે જઈ એક આનાના ચણા લીધા અને જેવું ચણાનું પડીકું ખોલ્યું તો એમાંથી એક આનો નીકળ્યો. એક વાર તો આઝાદને હાશ થઈ ગઈ કે ચાલો આવતીકાલે આ એક આનો કામમાં આવશે. ચણા ખાતા આઝાદને વિચાર આવ્યો કે, 'જો હું આ એક આનો રાખી લઉં તો મારી કાલની ચિંતા તો ટળી જશે પરંતુ એ વાત મનમાં કાયમ ખટકશે કે મૈં બીજા કોઈનો એક આનો રાખી લીધો.' તરત વિચાર્યું આ એક આનો કંઈ મારી મહેનતની કમાઈ નથી તો એ મારી કેમ કહી શકાય. એ તો ભૂલથી મારી પાસે આવી ગયેલ છે.'

તરત પેલા ચણાવાળા પાસે ગયા અને કહ્યું, 'ભાઈ તે મને એક આનાના ચણા આપ્યા અને એ ચણા સાથે એક આનો પણ આપ્યો ? આવું કરીશ તો તું કમાઈશ શું ??'

ચણાવાળો કંઈ બોલે તે પહેલાં ચંદ્રશેખરે ગાડીમાં બેસી ચાલતા થયા.

# બુઠ્ઠા થઈ ગયેલા બોફોર્સ મુદ્દાને ધાર કાઢવાની કવાયત

**તંત્રીસ્થાનેથી...**

રાજસ્થાન, મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની પેટા ચૂંટણીઓમાં ગ્રાઉન્ડ ગુમાવી રહેલ રાષ્ટ્રીય સત્તાધારી પાર્ટીના ચાણક્ય અને ચંદ્રગુપ્ત ચિંતામાં મુકાઈ જાય તે સ્વાભાવિક છે. બજેટ એટલું નિરાશાજનક છે કે બીજે જ દિવસે સેન્સેક્સ ઊંધે માથે પટકાયો છે. શૅરબજારમાં બોલી ગયેલા કડાકાને રાહુલ ગાંધીએ મોદી સરકાર સામેની અવિશ્વાસની દરખાસ્ત માની લીધી છે. આવા વિપરીત સંજોગોમાં હવે જયારે લોકસભાની અને ઘણા બધાં રાજયોની વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પ્રજા વચ્ચે જવા માટે સત્તાધારી પાર્ટી પાસે કયા મુદ્દા બાકી રહે છે ? મોંઘવારી ભડકે બળી રહી છે અને મોટા ઉપાડે લાક્ષણિક અંદાજમાં આભના તારા હેઠા ઉતારવાની વાતોમાં કોઈ દમ નથી રહ્યો એવી પ્રતીતિ થવા લાગી છે. આખરે ભગવી પાર્ટી પાસે અયોધ્યાના રામમંદિર કે ટ્રિપલ તલાક અને હજ સબસિડીની નાબૂદી જેવા મુદ્દા જ બચે છે, જે કેટલા કારગત સાબિત થઈ શકે તે પ્રશ્ન છે. આથી હિંદીમાં પેલો રૂઢિપ્રયોગ છે એમ સરકારે દાટેલાં મડદાં ઉખાવડાનું શરૂ કર્યું લાગે છે. બોફોર્સ કેસ કેટલો જૂનો છે ! એ સોદાને કારણે રાજીવ ગાંધીને સત્તા ગુમાવવી પડી હતી અને વિશ્વનાથ પ્રતાપસિંહને વડાપ્રધાન બનવાની સોનેરી તક સાંપડી હતી. વી.પી. સિંહની સરકારને પાછળથી ભારતીય જનતા પાર્ટીએ ટેકો પાછો ખેંચી લેતાં એમની જગ્યાએ ટચૂકડા વડાપ્રધાનો આવ્યા હતા. એમણે ભાજપ સરકારના આગમનની જ પૂર્વભૂમિકા રચી આપી હતી. નરેન્દ્ર મોદીએ સામાન્ય સંગઠનના કાર્યકર્તા તરીકે આ બધું કમઠાણ ઝીણી નજરે નિહાળેલું છે. જો કે વાજપેયીના નેતૃત્વ હેઠળ ભાજપની સરકાર સતત ત્રણ વાર રચાઈ હતી, પૂરાં પાંચ વર્ષ તો છેલ્લા તબક્કામાં પણ નહોતી ચાલી. એ વખતે 'ઈન્ડિયા શાઈનિંગ' નું રૂપકડું સૂત્ર આપી છ માસ આગોતરી જ સામાન્ય ચૂંટણી કરાવી દઈ વડાપ્રધાન બની જવાનું અડવાણીનું સપનું ફળ્યું નહોતું. મોદી પણ આટલી રાક્ષસી બહુમતી છતાં ચૂંટણી વહેલી લાવી વધુ પાંચ વર્ષ માટે મયૂરાસન સિકયોર કરી નાખવાનો જુગાર ખેલી શકે છે. આ માટે જૂના બોફોર્સ જેવા મુદ્દા ફરી ઉખેડવા કેટલા ફાયદાકારક નીવડશે એ તો સમય જ કહી શકાશે. ઍટર્ની જનરલ વેણુગોપાલે બાર વર્ષ પહેલાંના હાઈકોર્ટના ચુકાદાને પડકારવાનો કોઈ અર્થ નથી - એવો સ્પષ્ટ અભિપ્રાય આપ્યાં છતાં સીબીઆઈએ વડાપ્રધાનના દબાણ હેઠળ સુપ્રીમમાં જવાનો નિર્ણય કર્યો છે. જેમની સામે મુખ્ય આરોપ ઘડાયા હતા તે બધા જ પરમધામ પહોંચી ગયા છે. હિંદુજા બંધુઓ અને સોનિયા ગાંધીના સંબંધી સહિત કોઈને હાઈકોર્ટે ગુનેગાર ઠેરવ્યા નહોતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને તત્કાલીન નરસિંહરાવ સરકારના વિદેશમંત્રી સામે ચિઠ્ઠીની ડિલીવરી નો કેસ પણ ફરી ફરી ઉખેળાતો રહ્યો છે. આવા કેસો પાછળની તપાસ અને વકીલો પાછળ થનાર લખલૂટ ખર્ચ આખરે તો પ્રજા પાસેથી ઉઘરાવેલાં કરનાં નાણાંમાંથી જ કરાયો હોય છે. પરંતુ સત્તાધારી પક્ષ માટે આવું પ્રજાહિત ગૌણ બની રહ્યું છે. એને તો ચૂંટણીમાં વાપરવા માટે મુદ્દાની જરૂર છે, ભલે ને એ જૂનો પુરાણો અને કશા કામનો ન રહ્યો હોય તો પણ લુહારની જેમ એ બૂઢા શસ્ત્રને સરાણે ચડાવી ખપમાં લેવા કૃતસંકલ્પ છે.

# આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી માણસે હરણફાળ ભરી છે



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

આ પૃથ્વી પર જયારથી સજીવન એટલે કે જીવની ઉત્પત્તિ થઈ છે ત્યારથી ચઢાવ – ઉતાર અને અસંખ્ય પરિવર્તન પછી મનુષ્ય નામનું પ્રાણી અસ્તિત્વમાં આવ્યું છે. એવું લોકો અને ઈતિહાસ પણ કહે છે અને એ સાચું પણ છે. પહેલું જીવન પૃથ્વી પર કેવું હશે તેની લોકોએ અને વૈજ્ઞાનિકોએ અનુમાન કરેલું છે અને તે સત્ય પણ છે. બધુ આપણે અહીં ચર્ચામાં નહીં લઈએ. પણ મનુષ્ય એ બુદ્ધિશાળી પ્રાણી છે. બધા જ પ્રાણીઓ બુદ્ધિશાળી છે. તે સર્વેમાં મનુષ્ય સૌથી વધારે બુદ્ધિશાળી છે. સૌથી પહેલા મનુષ્ય જન્મ્યો તેનું સહેજ આગળનું વર્જન છે. હનુમાનજી એટલે કે મારે કહેવાની જરૂર નથી અને ત્યારથી જ બીજા પ્રાણીઓ કરતાં વાંદર જાતિ અને મનુષ્યમાં બુદ્ધિનું પ્રમાણ વધતું ગયું છે. મનુષ્યને જ્યારે જ્યારે તકલીફો પડી છે તેનું સમાધાન પોતાનું મગજ વાપરી બુદ્ધિને કસીને કર્યું છે. સામાન્ય રીતે એક દાખલો લઈએ કે મનુષ્યનું મગજ હંમેશા વિચાર્યા જ કરતું હતું અને વિચાર જ કરે છે. સુખ-શાંતિ અને તકલીફોનું નિવારણ કેવી રીતે થઈ શકે અને આજે આ દિવસ આવ્યો છે કે માનવી પૃથ્વી નહીં પણ પૃથ્વીના આજુબાજુના બધા જ ગ્રહો ઉપર રાજ કરે છે. માનવી પોતાના બે હાથ વડે, બુદ્ધિ વડે, હજ્જારો માણસોની મદદ લઈ ઘણુંબંધુ કામ કરે છે. એને આપણે ઈન્ટેલીજન વર્ક કહીએ છે. એટલે કે બુદ્ધિશાળી માણસ, બુદ્ધિશાળી કામ. જેનાથી માણસે ઘર બનાવ્યું, ભણતો થયો, સમાજ બનાવ્યો, સમાજની રચના કરી, એના નિયમો બનાવ્યા, મંદિરો – મસ્જિદો, ધર્મ-અધર્મ વગેરેનો આવિષ્કાર કર્યો. બીજા ચરણમાં સુખ-શાંતિની વસ્તુઓ એટલે કે મોટર, રોકેટ વગેરે બનાવ્યા. એવું દરેક વિભાગમાં થયું. યુદ્ધમાં પહેલા બે હાથથી એકબીજા ઉપર માણસ પ્રહાર કરતો હતો. એટલે સવાલ એ પણ થાય કે પહેલા માણસ ક્યારે ઝઘડ્યો હશે અને જવાબ એ પણ મળી જાય કે કોઈપણ જગ્યા પર પોતાનું અધિપત્ય રાખવા માટે યુદ્ધ થયું હશે. એમાં જગ્યા પણ હોય, સ્તી પણ હોય અને બીજું બધું ઘણું હોય. એમાંથી આગળ જતાં ગામ થયા, રાજ્યો થયા, દેશ થયા અને પછી એમાં યુદ્ધ થયા. એ યુદ્ધને જીતવા માટે માણસે નવા નવા તર્ક ઉભા કરી એકબીજાનો સામનો કરી અને અધિપત્ય જમાવ્યું છે. ટૂંકમાં માણસે અત્યાર સુધી જે કંઈ સંશોધન કર્યું છે એમાં પહેલા નંબર આવે તે આધિપત્ય અથવા ગુલામ બનાવવા માટે. ટૂંકમાં કહેવાની વાત એ છે કે, મનુષ્ય જાતે હંમેશા પ્રગતિ કરી છે. આ બધી વસ્તુ બધા જ જાણે છે. આમાં કોઈને કાંઈ નવું લાગતું નથી, બધા ઈતિહાસ ભણેલા જ છે, વિજ્ઞાન ભણેલા છે. સાહિત્ય વાંચેલું છે, રજવાડાઓની કથાઓ, કવિઓના કાવ્યો, સમુદ્રની સુનામી બધુ જ લોકોને ખ્યાલ છે. તો સવાલ એ થાય છે કે લખો છો શું કરવું, બધાને બધી ખબર છે તો તમારો અને અમારો ટાઈમ શું કરવા બગાડો છો ?

**ચાલો હવે કંઈક નવું વિચારીએ...**

આજકાલ નવી ભાષા મનુષ્યના મગજને પણ આંબી જાય એવી ભાષા. બધાને આ વાત પણ ખબર છે, એટલે કે કોમ્પ્યુટર. કોમ્પ્યુટરના એન્જિનીયરોએ ડેટાબેઝ ઉભા કરી, જાણી અને ઘણીબધી જાણકારી મેળવી, સુપર પાવર કોમ્પ્યુટર બનાવ્યા છે. જેનાથી ઢગલાબંધ વસ્તુઓ કે જે સેકન્ડના ૧૦માં ભાગમાં થઈ જતી હોય છે. એવી જ રીતે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિ)નો ઉપયોગ કરી હવે માણસે હરણફાળ ભરી છે. આપણા જ ગાંધીનગરના જ રીપલ વ્યાસ (જેવો મુકેશ વ્યાસના દીકરા છે.) ડલાસમાં અને શિકાગોમાં પ્રિયા સોફ્ટવેર સોલ્યુશન નામની એમની પોતાની સોફ્ટવેરની મોટી કંપનીઓ છે. અમદાવાદમાં લગભગ ૫૦૦થી પણ વધારે કોમ્પ્યુટર એન્જિનીયરને તેઓ વેતન આપી તેમના મગજનો ઉપયોગ કરે છે. એમણે ગાંધીનગરમાં વ્યાખ્યાન આપીને બધાને ચકિત કરી નાખ્યા. એટલે હવે આપણને એ જ વાતનો ખ્યાલ આવી ગયો છે કે કોમ્પ્યુટર અને સુપર કોમ્પ્યુટરમાં જે કઈ ભાષાઓનો ઉપયોગ થાય છે અને માનવજાત ઉપયોગ કરે છે તેને આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એ.આઈ. કહેવામાં આવે છે. એ.આઈ. દ્વારા શું થઈ શકે એનું રીપલ વ્યાસે ખૂબ જ સરસ વર્ણન કર્યું. આપણો વિષય છે તન તંદુરસ્તી એટલે કશું પણ આડુઅવળું અથવા તો વિષય બહાર જતા પહેલા તન તંદુરસ્તી પર તો લખવું જ જોઈએ કેમ ભાઈ ? (ક્રમશઃ)

- sgpathlab@gmail.com

# આવો, સૌ સાથે મળીને માતૃભાષાને બચાવીએ



## મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

કોઈપણ રાષ્ટ્રનો કે રાજ્યનો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે એ રાષ્ટ્ર કે રાજ્યમાં એની રાષ્ટ્રભાષા કે રાજ્યભાષા (માતૃભાષા) ને મહત્વ આપવામાં આવતું હોય. કેમ કે દેશના કોઈપણ બાળકને સંસ્કાર એની માતૃભાષાના શિક્ષણથી જ મળે છે. રાષ્ટ્રભાષાથી દેશની સંસ્કૃતિનું ગૌરવ અને વૈશ્વિક ભાષાથી વિકાસ થાય છે. પરંતુ વ્યક્તિના મૂળમાં જો સંસ્કાર અને સંસ્કૃતિનું ગૌરવ નહીં હોય તો એના વિકાસનું કોઈ મૂલ્ય રહેતું નથી.

આપણે ત્યાં મોટેભાગે બોર્ડની પરીક્ષાઓના પરિણામો આવ્યા બાદ માતૃભાષા વિશે ચર્ચાઓ શરું થાય છે. સરકાર પણ દર વખતે એકાદ બે માતૃભાષા સંવર્ધન સમિતિઓની રચના કરીને માતૃભાષા માટે કંઈક કર્યાનું ગૌરવ અનુભવે છે, પરંતુ એનું પરિણામ કશુંય આવતું હોતું નથી. અને ફરીથી બીજે વર્ષે પણ બોર્ડની પરીક્ષાઓમાં લાખો વિદ્યાર્થીઓ માતૃભાષામાં નાપાસ થાય છે. હમણાથી તો ગુજરાતી માધ્યમની સરકારી સ્કૂલો જ બંધ થઈ રહી છે. આ પણ એક ગંભીર સમસ્યા છે. તો વળી બીજી તરફ આર્ટસની કૉલેજોમાં ય ગુજરાતી વિષયની સંખ્યા ઘટતી જાય છે. મોટાભાગની કૉલેજોમાંથી છેલ્લા દસ વર્ષના ગુજરાતી વિષયનો આંકડો મેળવવામાં આવે તો ખ્યાલ આવશે કે દર વર્ષે કેટલો ઘટાડો થઈ રહ્યો છે.

આજે દરેક રાજ્યોમાં મોટેભાગે માતૃભાષાનો પ્રશ્ન ઊભો છે. પરંતુ આપણે આપણી માતૃભાષાની વાત કરીએ તો ગુજરાતીની આવી અવદશા થવાનું સાચું કારણ શું ? તો એના મૂળમાં આપણું અત્યારનું પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ અને એની કેટલીક અસંગત વ્યવસ્થાઓ છે. વળી આપણી કરૂણતા એ છે કે માતૃભાષા બચાવવા માટે જેટલી યોજનાઓ થાય છે, વાતો થાય છે, અખબારોમાં – ટી.વી.માં જાહેરાતો થાય છે એટલા પ્રમાણમાં એ બધુ કામ થતું નથી હોતું. તાજેતરમાં આપણે અખબારોમાં વાંચ્યું કે રાજ્ય સરકારે માતૃભાષાનું મહત્વ વધારવા માટે શિક્ષણ વિભાગ પાસે રીપોર્ટ મંગાવ્યો છે. સારી વાત છે. આ સરકાર આ બાબતે જાગૃત તો થઈ. પરંતુ સરકારી પદ્ધતિ મુજબ જોઈએ તો શિક્ષણમંત્રીશ્રી આ માટે ઉચ્ચસ્તરીય અધિકારીઓની તાકીદે એક મિટિંગ યોજીને બધાને કડક શબ્દોમાં સૂચનાઓ આપશે. પછી બધા ઉચ્ચસ્તરીય અધિકારીઓ જિલ્લા કક્ષાના અધિકારીઓને મિટિંગ યોજશે અને જિલ્લાકક્ષાના અધિકારીઓ તમામ પ્રિંસીપાલશ્રીઓની મિટિંગ યોજીને એક રીપોર્ટ તૈયાર કરશે. પરંતુ આ સરકારી વ્યવસ્થામાં કામ કરનાર વર્ગ – ૩થી લઈને સચિવ સુધીના તમામ સરકારી પદ્ધતિ મુજબ જ કામ કરવા ને કરાવવા ટેવાયેલા હોવાથી રીપોર્ટ પણ સરકારી રાહે તૈયાર થશે. વળી જે અધિકારીઓ કે તેમના દ્વારા બનાવાયેલી માતૃભાષાની સમિતિઓના સભ્યોના પરિવારના બાળકો જ માતૃભાષાનું શિક્ષણ નહીં લેતા હોય કે વિદેશોમાં અભ્યાસ કરતા હશે કે કોઈ મોટી ઈન્ટરનેશનલ કક્ષાની અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં અભ્યાસ કરતા હશે. આવા સદસ્યોને આપણા માતૃભાષા પ્રત્યે કેટલો લગાવ હશે ? એના મહત્વને તેઓ શું જાણતા હશે ? આવા ય પ્રશ્નો સહેજેય ઊભા થાય છે.

બીજી રીતે વિચારીયે તો આ માટે સરકારે જેઓ સરકારમાં જ નથી અને માતૃભાષાના જાણકાર છે. ભાષાની ચિંતા સેવે છે. ગુજરાતીભાષાને ચાહે છે. શિક્ષિત છે. અને શિક્ષણ ક્ષેત્રે કંઈક નવું કરવાની ખેવના રાખે છે. એવા બિન સરકારી શિક્ષિતોની રાજ્યકક્ષાએ અને દરેક જિલ્લા કક્ષાએ પાંચ વર્ષ માટે સમિતિ બનાવી નિમણુંક કરવી જોઈએ. એ પછી એમની પાસેથી એક માસ્ટર પ્લાન તૈયાર કરાવીને એને સ્વીકૃતિ આપીને એમને પૂર્ણ સત્તા આપીને એને અમલમાં મૂકવો જોઈએ. કેમ કે વૃક્ષ ઉપર જો મીઠા ફળ જોઈતા હોય તો એ વૃક્ષના મૂળમાં જે ઊધઈ પેસી ગઈ હોય એની પહેલા દવા કરવી જોઈએ અને પછી મૂળિયાને સારું ખાતર અને પાણી આપીને વૃક્ષને મજબૂત અને સમૃદ્ધ કરવું પડે. ધો. ૧૦/૧૨માં લાખોની સંખ્યામાં જે બાળકો ગુજરાતીમાં નાપાસ થાય છે. તેનું મૂળ નાપાસ થનાર વિદ્યાર્થીઓ સહેજેય નથી. પણ શિક્ષકોની પસંદગીના માપદંડ, પદ્ધતિ, સિસ્ટમ અને થોડેઘણે અંશે એ માધ્યમના પાઠ્યપુસ્તકો ય જવાબદાર છે. આ શિક્ષણના વૃક્ષને મૂળિયામાંથી જ જે સડો લાગ્યો છે તેની સાફસૂફી કરવાની જરૂર છે. આજે ગુજરાતભરમાં મોટાભાગની સ્કૂલો એવી વ્યક્તિઓ ચલાવે છે જેમને શિક્ષણ સાથે કોઈ લેવા દેવા જ નથી. એમને મન સ્કૂલ એ કમાણીનું એક સાધન માત્ર છે. એક દુકાન છે, શૉ રૂમ છે, મૉલ છે. અને સરકારી સ્કૂલોમાં શિક્ષકો કે ગ્રાંટેબલ સ્કૂલોમાં વ્યવસ્થાપકોને બાળકોના શિક્ષણમાં કોઈ રસ નથી. અને શિક્ષણ વિભાગની કચેરીઓમાં પણ પૂરતો સ્ટાફ નથી અને જે છે તેઓને શિક્ષણ કરતા બીજી ઘણી બધી બાબતોમાં રસ હોય છે. હવે જો સરકાર આ આખી સિસ્ટમ બદલી શકે તો જ કંઈક પરિણામ મેળવી શકાય એમ છે.

ગુજરાતી માધ્યમના પાઠ્યપુસ્તકોનું પૂર્ણ રૂપે અત્યાધૂનિકરણ થવું જોઈએ. કોઈ પક્ષીય કે ધાર્મિક કે વર્ગીય વિચારધારાને બદલે કે જૂની પરંપરા કે મૂલ્યોને બદલે બાળકોનો સર્વાંગી વિકાસ થાય એવા ૨૧મી સદીના બાળકને ધ્યાનમાં રાખીને પાઠ્યક્રમ બનવો જોઈએ. નવી ભાષામાં આ અભ્યાસક્રમ થવો જોઈએ. જે બાળકોને આકર્ષે, રસ રૂચિ પેદા કરે, શિક્ષકોને પણ ભણાવવાની મજા આવે. અને પછી શિક્ષકોને પૂર્ણ પગાર આપી માતૃભાષા પ્રત્યેની પૂર્ણ તાલીમ આપીને તૈયાર કરવા જોઈએ. કેમ કે સૌ પ્રથમ જો શિક્ષકો જ શિક્ષિત હશે અને માતૃભાષા પ્રત્યે આદર – નિષ્ઠા ધરાવતા હશે તો એ બાળકોને નિષ્ઠા પૂર્વક માતૃભાષાનું શિક્ષણ આપશે. આ સંદર્ભે કંઈક આવી વિચારણા થવી જોઈએ.

આજે ગુજરાતી માધ્યમની અનેક સરકારી સ્કૂલો બંધ થઈ રહી છે. આને પૂનર્જીવિત કરવા માટે સરકારે કોઈ નવી યોજના ઘડવી જોઈએ. આપણે ત્યા એવા ઘણાય શિક્ષિતો છે જેઓ ક્યાંક ને ક્યાંક પોતાના આદર્શો કે સિદ્ધાંતો કે સરકારની નીતિ કે નિયમોને કારણે સરકારી નોકરીમાં નથી જોડાઈ શક્યા, એવી નિષ્ઠાવાન શિક્ષિત વ્યક્તિઓના બાયોડેટા મેળવી – એમની કામગીરી જોઈને એમાંથી એક એકને સરકારી સ્કૂલોનું સંચાલન સોંપવું જોઈએ. કેમ કે આવી વ્યક્તિઓ જ બંધ થતી સરકારી સ્કૂલોમાં નવો પ્રાણ ફૂંકી શકે છે. આમ કરવાથી ઘણીબધી સરકારી સ્કૂલો અસરકારક રીતે ચાલશે અને માતૃભાષાનો પણ મહિમા વધશે. અને આવા શિક્ષિત લોકોને સરકાર પ્રત્યે સદભાવ પણ જાગશે.

ભાષા નિયામકની કચેરી દ્વારા જેમ દર વર્ષે સરકારી કર્મચારીની હિંદીની પરીક્ષા લેવાય છે તેમ જ ગુજરાતીની પરીક્ષા પણ દરેક કર્મચારી અને શિક્ષકોની ફરજીયાત બનાવવી જોઈએ. વળી જે શિક્ષકો કે અધ્યાપકો પુરો પગાર મેળવે છે તેમની દર ત્રણ વર્ષે એમ. એડ અને એમ. એ.ની પરીક્ષાઓ લઈને ૫૫ ટકા માર્ક્સ લાવવા ફરજીયાત બનાવવા જોઈએ જેથી દરેક શિક્ષક અને અધ્યાપક પોતાના અભ્યાસ પ્રત્યે હંમેશાં વાચનશીલ અને વિચારશીલ રહે, અને જે આ પરીક્ષામાં નાપાસ થાય એનો જ્યા સુધી પાસ ના કરે ત્યા સુધી અડધો પગાર કપાઈને સરકારના રાહતફંડમાં જમા થાય. આવી કોઈ યોજના પણ બનાવવી જોઈએ.

ધોરણ ૧૨ સુધી ગુજરાતી ફરજીયાત બનાવી કોલેજમાં કોઈપણ વિદ્યાશાખામાં ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસક્રમમાં ગુજરાતીનું એક પેપર ફરજીયાત રાખી એનો ય અભ્યાસક્રમ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી બને એવી રીતે બનાવવો જોઈએ. કેમ કે આજે સરકારી નોકરી માટે લેવાતી મોટાભાગની પરીક્ષાઓમાં ગુજરાતીનું એક પેપર હોય જ છે. કેન્દ્ર સરકારે પણ યુ.પી.એસ.સી.ની પરીક્ષાઓમાં દરેક રાજ્યની માતૃભાષાઓને મહત્વ આપીને સ્થાન આપ્યું છે. ગુજરાતી માધ્યમની સ્કૂલો માટે ખાસ પેકેજ બનાવીને પણ વાલીઓ અને વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને પ્રોત્સાહિત કરી શકાય છે. અને સૌથી મહત્વની વાત તો એ છે કે આજકાલ સરકારી નોકરી માટે ગુજરાતી ભાષાનું મહત્વ વધે એવું પણ વિચારવું જોઈએ. જેથી કૉલેજ સુધી વિદ્યાર્થીઓ ગુજરાતીને મન ભરીને શીખી શકે. અંતમાં મારા એક ગુજરાતી ગીતની પંક્તિઓ –

હું ગુજરાતી તું ગુજરાતી આપણ સૌનું તળ ગુજરાતી
રગ રગ વહેતા રક્તકણોમાં ધમકે છે તે બળ ગુજરાતી
સાચ્ચે સાચું કહી દે સામે, કડવો પણ મીઠો ગુજરાતી
પ્રેમ કરે તો જીવતર દઈ દે, જીદ ચડે તીખો ગુજરાતી

- 9426060601.india@gmail.com

# શું થઈ ગઈ છે 'વર્ચ્યુલ' થી 'રીયલ'ની શરૂઆત ...!!!



## રજળપાટ

અજય ઉપાધ્યાય

'છેલ્લા કેટલાક સમયમાં ફેસબુક પર યૂઝર્સ દ્વારા ૫૦ મિલિયન એટલે કે, ૫ કરોડ કલાક પ્રતિ દિવસ ઓછો ટાઈમ સ્પેન્ડ કર્યો. '....હે ! શું વાત કરો છો? જગતની સૌથી પોપ્યુલર સોશિયલ નેટર્વકિંગ સાઈટ ગણાવાતી અને મને ને તમને જેના વગર ચાલતું નથી ( એવું આપને માનીએ છીએ ) એવા ફેસબુક સાથે આ શું થઈ ગયું ? ... જો કે રખે એવું માનતા કે આ કોઈ વિરોધીઓ દ્વારા ઝુકરીયા વિરુદ્ધ કોઈ કાવતરું કે પછી શોશિયલ સાઈટ પર જેનો રાફડો ફાટ્યો છે એવા કોઈ ફેક ન્યુઝ છે પણ આ હકીકત છે અને આ કડવી હકીકત હમણાં જ ખુદ ઝુકરીયાએ એક મુલાકાતમાં કબુલી છે . જો કે એણે એવું નથી સ્વીકાર્યું કે ફેસબુકની લોકપ્રિયતા ઘટી છે પણ યુઝસો દ્વારા પહેલી વખત વપરાશના સમયમાં થયેલા ઘટાડાને એણે તાજેતરમાં ફેસબુકમાં થયેલા ફેરફારો સાથે જોડી દીધા છે . ફેસબુકે વીતેલા કવાર્ટરમાં ૨૦ ટકા વધુ નફો પણ કર્યો છે, જાહેરાતની આવકમાં પણ વધારો નોંધાયો છે અને એક્ટીવ યુઝર્સની સંખ્યા પણ વધી છે છતાં પણ ઝુકરભાઈની પરેશાની એ વાત પર છે કે ફેસબુકના ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું કે અમેરિકા અને કેનેડામાં તેના વપરાશમાં ઘટાડો નોંધાયો છે. સાથે જ વિશ્વભરમાં પણ લોકો દ્વારા ફેસબુક પર રહેતા સમયમાં ઘટાડો નોંધાયો છે!

સવાલ ખાલી ફેસબુક કે ભાઈ ઝુકરનો નથી પણ આપણા બધાનો પણ હોય એવું નથી લાગતું ? બેકાબુ અને બેલગામ બનેલું શોશિયલ મીડિયા અને એનો વધુ પડતો વપરાશ ધીરે ધીરે મારાને તમારા મગજ અને દિલો-દિમાગમાં એક અજીબ જેવો ખાલીપો કે પછી કંટાળો લાવી આપતો હોય એવું નથી લાગતું ? વોટ્સઅપ હોય કે પછી ફેસબુક હોય ... ઈન્સટા હોય કે ટ્વીટર દિલ પર હાથ રાખીને કહેજો કે આજથી ૨ કે ૫ વર્ષ પહેલા તમે આમાંના કોઈ એક પર કે બધે જ જેટલા એક્ટીવ રહેતા હતા એટલા આજે રહો છો ? ચાલો માન્યું કે કદાચ ત્યારે એક્ટીવ રહેતા હોવ તો એની પાછળનું એકમાત્ર કારણ એ હતું કે આ પ્લેટફોર્મ નવું નવું હતું અને નાના બાળકને જેમ રમકડાનું વિસ્મય હોય એમ મને ને તમને પણ આ શોશિયલ મીડયાના ચીરાગમાંથી કયો જીન નીકળશે અને આપણી કઈ કઈ માંગ પૂરી કરશે એનો ઈન્તેજાર અને કુતુહુલ બંને રહેતા પણ આજે....?

આજે રોજ સવારે વોટ્સએપ કે ફેસબુકમાં ચવાઈને ચુથો થઈ ગયેલા અને એક ને એક હથોડાછાપ ગુડમોર્નિંગ મેસેજો શું તમારી સવાર ખરેખર ગુડ બનાવે છે ? અને આ પાછું આખો દિવસ ચાલતું રહે ...! ઘણાના ગુડમોર્નિંગ શુભેચ્છા સંદેશાઓ છેક બપોર સુધી પણ ચાલતા હોય અને પાછી ગુડનાઈટવાળી ત્રાસદી તો અચૂક આવવાની જ...! હા અને આ બધાની વચ્ચે કોઈ જ પ્રકારના કન્ફર્મેશન વગરના ન્યુઝ કે વિડીયો તો ખરા જ . જાણે કે જગત આખું એક ને એક દિવસે વાયરલ થઈ જવાનું એવા જોશ અને જનુંનથી સાચી કે ખોટી માહિતીઓની ફેંકાફેકી વચ્ચે ક્યારેય એવું નથી લાગતું કે મગજ પાકી ગયું હવે તો ? છોડ મનવા આ બધી ઝંઝાળ ...! આ વાયરલવાળું એક હદ સુધી તો એવું મીઠું ને મનોહર લાગે ને પણ પછી જેવી ખબર પડે કે આ તો ફેક ન્યુઝ કે વિડીયો હતા ત્યારે છેતરાયાની લાગણી થઈ જાય ? થાય છે કે નહિ સચ બતાના ...?

સોશિયલ મીડિયા આમ ફાયદાકારક છે પણ જો તમે એનો સમજપૂર્વક ઉપયોગ કરો તો અને તો જ ...! જો કે તમને સવાલ થશે કે સમજપૂર્વક એટલે શું બબુઆ...? સમજપૂર્વક મતલબ કામથી કામ ...! તાજેતરમાં જ મુંબઈમાં એક એનજીઓએ એક સર્વે કર્યો સોશિયલ મીડિયા અને એના દ્વારા રચતા સંબંધો પર. સવાલ જવાબો પરથી એવું ફલિત થયું કે શોશિયલ મીડિયા પર બનેલા સંબંધો તકલાદી હોય છે અને મોટાભાગના સંબંધો માત્ર દેખાવ હોય છે કે જેમાં ના તો કોઈ અપનાપન હોય છે કે ના કોઈ જોડાણ ..! આ સર્વે સાથે આ લખનાર સાહિત ઘણા બધા લોકો મહદઅંશે સહમત થવાના. મહદઅંશે એટલા માટે કે સાવ એવું નથી પણ મોટાભાગે એવું જોવા મળતું હોય છે સોશિયલ સાઈટ્સ પર કે વાહવાહી કે એકબીજાની પીઠ પંપાળવાને લોકો રીલેશન સમજી બેસે છે..!ખેર અહી આપણે વાત વાટકીવહેવારની નહિ પણ ઝુકરીયાએ જે ચિંતા વ્યક્ત કરી એની કરવાની છે...!

સી, વોટ્સઅપ પર તો આવા વાયરલ અને હથોડા મેસેજોથી કંટાળીને ઘણા બધાએ કામ સિવાય આવવાનું બંધ જ કરવા માંડ્યુંછે પણ ફેસબુક પર પણ હવે પહેલા જેવું એટ્મો ક્યાં? ખાસ તો ફેક આઈડીનો ત્રાસ અને ગમે તે વાતમાં કુદી પડતા ચર્ચા-શુરવીરોને લીધે ત્યાં પણ મારાને તમારા લોગીન ઓછા થતા જાય છે...! જો કે હજુ પણ આપણે આગળ તો છીએ જ. હમણાં જ બહાર આવ્યું છે કે સરેરાશ ભારતીય દિવસમાં ૩૦૦ મિનીટ મોબાઈલ ડેટા વાપરે છે અને આમાનો ૭૦% ડેટા શોશિયલ સાઈટો પર ખાંખાખોળા કરવામાં વપરાય છે . જય હો જીઓ દેવતા અને મુકેશભાઈના પ્રતાપે હર એક હાથ મેં મોબાઈલ હૈ અને હર એક મોબાઈલ મેં રોજનું એક જીબી...! ફિર કરે ક્યાં ઈસકા...!

સોશિયલ સાઈટો પર ઓછા થતા ટ્રાફિકનું એક બીજું અને અગત્યનું કારણ છે જુઠ...જુઠ અને જુઠ..! જી હા વોટ્સઅપ પર તો ફેક ન્યુઝ વારંવાર વાયરલ થતા જ હોય છે પણ ફેસબુક પર પણ ફર્જી એકાઉન્ટને લીધે પરિસ્થિતિ ખરાબ બનતી જાય. ખુદ ફેસબુકે હજારો નકલી એકાઉન્ટ હટાવ્યા છે તો અમેરિકી ચૂંટણી વખતે થયેલા ખોટા પ્રચારના સહભાગી થવાનું પાપ અને તપાસ પણ ફેસબુક અને ટ્વીટર પર લાગી ચુક્યું છે . (એટલે તો ટ્રમ્પ એ ફેક ન્યુઝ એવોર્ડ આપવાનું શરુ કર્યું છે ને ...!) સી, ખોટા ન્યુઝ્થી જો ટ્રમ્પને તકલીફ થઈ શકતી હોય તો હું ને તમે તો પામર જીવ છીએ અને સોશિયલ સાઈટો પર આપણે પ્રેસીડન્ટની ચૂંટણી નહિ પણ થોડા મનોરંજન , થોડી માહિતી અને થોડું માઈન્ડ ફ્રેશ કરવા આવતા હોઈએ એમાં પણ જો વાયરલ - ફેક - બકવાસ ન્યુઝ કે કન્ટેન્ટ ખાબકે તો શું કરવાનું ? ભલે વાંચવામાં ઈઝી લાગતું હોય કે બ્લોક કે હાઈડ જેવા વિકલ્પો હાજર હોય છતાં પણ આવી સામગ્રીનું વારંવાર નજર સામે આવવું ચિત્ભ્ર્મ કરવા માટે પુરતું છે...! એટલે તો એપલના સીઈઓ ટીમ કુકે કહ્યું કે હું મારા ભત્રીજાને અમુક હદ સુધી જ સોશિયલ મીડિયા વાપરવાનું કહીશ અથવા તો રોકીશ ...! શોશિયલ મીડિયા શેરીંગ અને કનેકટીંગનું અસરકારક માધ્યમ છે એની નાં નહિ પણ ટીમ કુકની ચિંતાને વાચા આપીએ તો શોશિયલ મીડિયા પર વધુ પડતી ફેલાતી જતી નેગેટીવીટી મને ને તમને બેક ટુ પાસ્ટ ચોક્કસ લઈ જશે જ – આઈ મીન ફ્રોમ વર્ચ્યુલ ટુ રીયલ અગેઈન્ન...! કેમકે જે રીતે આજકાલ શોશિયલ મીડિયા પર એકાઉન્ટ હેક થઈ રહ્યા છે , ફેક એકાઉન્ટ તમારા ફોટા અને ચાટનો મિસયુઝ કરી રહ્યા છે, ફેક ન્યુઝ રોકેટગતિએ આવી રહ્યા છે , બધા એકબીજાથી ચડિયાતા દેખાવાની હોડમાં છે , કે પછી વોટ્સઅપ પર જે રીતે ગપગોળાઓ ફરી રહ્યા છે એ જોતા એ દિવસો દુર નથી કે લોકો આપમેળે જ આવા શોશિયલ મીડિયાનો માપમાં જ વપરાશ કરતા થઈ જશે ...!

**વિસામો :**

ફેસબુકના લોગો નો રંગ બ્લુ કેમ છે ખબર છે ? કેમકે માર્ક ઝુકર્બર્ગને રેડ-ગ્રીન કલર બ્લાઈન્ડનેસ છે અને એને ફક્ત બ્લુ રંગ જ એકદમ ક્લીયર દેખાય છે ...!